ડાયાબિટીસ
ડૉ.પોમા શાહ
એમ.ડી.મેડીસીન કન્સલ્ટન્ટ ફીઝીશ્યન
કાર્ડીયોલોજીસ્ટ એન્ડ ક્રિટીકલ કેર સ્પેશ્યાલીસ્ટ
બી.પી., 2D ઈકો
કે.પી હોસ્પિટલ નિલમબાગ સર્કલ ભાવનગર
(278) 2424108 / 7265833325

LEELA NEWS NETWORK P. LTD
ભાવનગર આવૃત્તિ 8 તા.૨૮-૦૧-૨૦૨૬, બુધવાર
# સૌરાષ્ટ્ર આસપાસ
સનસનાટી નહીં, સત્ય. અફવા નહીં આધાર
બીઝનેસ સેન્ટર, ઘોઘાગેટ, ભાવનગર ફોન : (૦૨૭૮) ૨૫૧૪૫૧૪, ૨૫૧૪૫૧૫

EFCEE SAROVAR PREMIERE Bhavnagar A SAROVAR HOTEL
Bake & Brew
Special Cake, Sweet & Creamy
BEST BAKERY IN BHAVNAGAR
Iscon Mega City, Opp. Victoria Park, Bhavagar - 364002
Reservations : +91 7575005171 | esp@sarovarhotels.com

## જયરાજની ધરપકડ બાદ પણ કોળી સમાજ ન્યાય સભા યોજવા મક્કમ!

### ભાવનગરમાં ૨૦૦ સ્થળે બેનરો લાગ્યા; સાંસદ-ધારાસભ્યોને આમંત્રણ અપાયા

ભાવનગર,તા.૨૮

રાજયભરમા ચકચારી બનેલા બગદાણાના હુમલા પ્રકરણમાં માયાભાઈ આહીરના પુત્ર જયરાજ આહીર સામે ગુનો નોંધી ધરપકડ કરાયા બાદ પણ આ મામલો શાંત પડવાનું નામ નથી લઈ રહ્યો. સમસ્ત કોળી-ઠાકોર સમાજે ૧ ફેબ્રુઆરીએ ભાવનગરમાં ન્યાય સભા યોજવાની જાહેરાત કરી હતી જે જયરાજ આહીરની ધરપકડ બાદ પણ યથાવત રાખી છે અને તે સંદર્ભે તૈયારીઓ પણ હાથ ધરાઈ છે. જેમાં શહેરના અલગ અલગ ૨૦૦ સ્થળે બેનર લગાવવામાં આવ્યા છે. કોળી સમાજના સાંસદ અને ધારાસભ્યોને પણ ન્યાય સભામાં હાજર રહેવા આમંત્રણ પાઠવવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું છે.

બગદાણા હુમલાના પીડિત નવનીત બાલધિયાના સમર્થનમાં આગામી તા.૧ ફેબ્રુઆરીના ભાવનગર પશ્ચિમ મતક્ષેત્રમાં ન્યાય સભાનું આયોજન કરાયું છે, કોળી સમાજ મતદારો મોટી સંખ્યામાં વસવાટ કરે છે તે વિસ્તારમાં કોળી સમાજ દ્વારા જંગી જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું છે જેની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે.સભા સ્થળ મંડપ નાખવાની કામગીરી ચાલી રહી છે.તદઉપરાંત શહેરમાં જે જે સ્થળોએ કોળી સમાજ વસવાટ



તસવીર : ધવલ વાજા

કરી રહ્યો છે જેમાં હાદાનગર, મેપાનગર, સત્યનારાયણ સોસાયટી, બોરતળાવ મફતનગર, ગણેશ ગઢ, બાનુબેનની વાડી કુંભારવાડા, નારીગામ, ફુલસર, સતનામ ચોક, રામદેવનગર કુંભારવાડા સહિતના અનેક વિસ્તારોમાં ૨૦૦ થી વધુ સમસ્ત કોળી - ઠાકોર સમાજ ન્યાય સભા આયોજિતના બેનરો લગાવામાં આવ્યા છે.

## ઈંગ્લીશ દારૂની ૨ બોટલ સાથે ધારુકાનો એક શખ્સ ઝડપાયો

### વરતેજ પોલીસે બાઈક સહીત ૩૦ હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૨૮

ભાવનગરના વરતેજ પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે નારી ચોકડી પાસથી એક બાઈક ચાલક ધારૂકાના યુવકને ઈંગ્લીશ દારૂની બે બોટલ સાથે ઝડપી લીધો હતો.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ વરતેજ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને નારી ચોકડી પાસે આવતા બાતમી રાહે હકીકત મળેલ કે ભાવીનભાઈ મનસુખભાઈ રાઠોડ રહે વરતેજ સવગુણનગર ૦૨ તા.જી.ભાવનગર તથા કાર્તીકભાઈ સુભાષભાઈ રાઠોડ રહે.ધારૂકા ગામ તા.ઉમરાળા વાળા બન્ને સવગુણનગરના નાકે એક હીરો સ્પેલેન્ડર મો.સા રજી નં.GJ/04/BQ/1904 વાળી મો.સા ગાડી લઈ ઉભો છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા બન્ને ઈસમો મો. સા સાથે હાજર મળી આવેલ જેનુ નામ ભાવીનભાઈ મનસુખભાઈ રાઠોડ ઉ.વ .૨૫ રહે. વરતેજ, સવગુણનગર તથા કાર્તીક સુભાષભાઈ રાઠોડ ઉ.વ.૨૧ રહે.ધારૂકા ગામ તા.ઉમરાળા વાળા હોવાનુ જણાવેલ.તેની પાસેથી ઈંગ્લીશ દારૂની બે બોટલ મળી આવતા પોલીસે ઈંગ્લીશ દારૂ તથા બાઈક મળી કુલ રૂ. ૩૦ હજારના મુદ્દામાલ સાથે અટકાયત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરેલ છે.

## કારમાં ડિસ્કાઉન્ટ આપવાના બહાને પટેલ હુન્ડાઈના કર્મચારીએ ફ્રોડ કર્યું

### વાળુકડના યુવાન પાસેથી રૂ. ૫.૯૫ લાખ બારોબર મેળવી કાર પણ ન આપી

ભાવનગર,તા.૨૮

ઘોઘાના વાળુકડ ગામે રહેતા યુવાન સાથે શખ્સે નવી કાર વધારે ડિસ્કાઉન્ટ દેવાના બહાના હેઠળ પટેલ હુન્ડાઈના સેલ્સમેને વિશ્વાસ કેળવી રૂ.૫.૮૫ લાખની છેતરપિંડી આચરી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ ઘોઘા તાલુકાના વાળુકડ ગામે રહેતા સંદીપભાઈ તુલસીભાઈ મકવાણાને કારની ખરીદી કરવી હોય દિવાળી પહેલા સંદીપભાઈ અને તેના મિત્ર જયદેવભાઈ ડોડીયા તથા સંજયભાઈ બારોલીયા તથા સંદીપભાઈના પુત્ર હિતભાઈ ચિત્રા ભાવનગર ખાતે કંપનીના શોરૂમમાં આવ્યા હતા.અને કંપનીના કર્મચારી વિષુભાઈ પઢિયારે કાર બતાવી રૂ. ૭,૯૫,૦૦૦ ની કિંમત જણાવી હતી.અને ડિસ્કાઉન્ટ આપવાની વાત કરતા વિશુભાઈએ જણાવેલ કે મેહુલ સુરેન્દ્રભાઈ ભટ્ટને મળી લો તે વધારે ડિસ્કાઉન્ટ કરી આપશે તેમ કહેતા સંદીપભાઈ મેહુલને મળી વાતચીત કરતા મેહુલ રૂ.૭,૮૫,૦૦૦ ની કિમત કરી આપી હતી.અને મેહુલે જણાવેલ કે રૂ.૮૫,૦૦૦ ભરીને બુકિંગ કરાવી બાકીના રકમના ચેક લખી આપવાની વાત કહી હતી.પરતુ સંદીપભાઈ પાસે હાલ રોકડા રૂપિયા નહોય ત્યારે મેહુલે જણાવ્યું હતું કે,રૂપિયાની સગવડ કરો એટલે હું આવીને લઈ જઈશ તેમ જણાવ્યું હતું.દરમિયાનમાં સંદીપભાઈએ ગત તા.૨૦ ઓક્ટોબર ૨૦૨૫ ના રોજ મિત્રની પાનની દુકાન પાસે રૂ.૩૫,૦૦૦ રોકડા આપ્યા હતા.અને મેહુલે કંપનીની બુકમાંથી સ્લીપ આપી હતી.અને બાદમાં રૂ.૧ લાખ આપ્યા હતા.અને બેન્કનો રૂ.૬ લાખનો ચેક લખી આપ્યો હતો.ચેક બાઉન્સ થયાં હોવાના બહાના કરી મેહુલ ભટ્ટએ રૂ.૫,૮૫,૦૦૦ બારોબર પોતાની પાસે મેળવી કંપનીમાં જમા નહીં કરાવી કાર નહીં આપી છેતરપિંડી આચરી હતી.આ બનાવ સંદર્ભે સંદીપભાઈએ મેહુલ ભટ્ટ વિરૂધ્ધ બોરતળાવ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## રેલવે સ્ટેશન રોડ ઉપર સ્ટ્રીટ લાઈટના અજવાળે ગંજીપાનાનો જુગાર રમતા ૬ ગેમ્બલરો ઝડપાયા

### રૂ.૧૫.૧૦૦ની રોકડ અને જુગાર સાહિત્ય સાથે નિલમબાગ પોલીસે કરેલી ધરપકડ

ભાવનગર,તા.૨૮

ભાવનગરના નિલમબાગ પોલીસ મથકના સ્ટાફએ નિઘટ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે રેલવે સ્ટેશન રોડ પર દરોડો પાડીને સ્ટ્રીટ લાઈટના અજવાળે જાહેરમાં જુગાર રમતા ૬ ગેમ્બલરોને રોકડ અને જુગાર સાહિત્ય સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવહી હાથ ધરી હતી.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો મુજબ ભાવનગરના નિલમબાગ પોલીસ મથકનો સ્ટાફ નિઘટ પેટ્રોલિંગમાં હતો અને અલ્કાગેટ પોલીસ ચોકી પાસે પહોંચતા બાતમીરાહે હકિકત મળેલ કે, ભાવનગર, રેલ્વે સ્ટેશન રોડ, પટેલ બોડીંગની સામે, જાહેરમાં અમુક ઈસમો સ્ટ્રીટલાઈટના અજવાળે ગોળ કુંડાળુ વળી બેસી ગંજીપતાના પાનાથી પૈસા વડે હારજીતનો જુગાર રમે છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને બાતમીવાળી જગ્યાએ રેઈડ કરતા રેલ્વે સ્ટેશન રોડ, પટેલ બોડ'ગ સામે આવેલ ખુલ્લી જગ્યામાં અમુક પુરૂષ ઈસમો ગોળ કુંડાળુ વળી બેસી


તસવીર : ધવલ વાજા

ગંજીપતાના પાનાથી પૈસા વડે હારજીતનો જુગાર રમતા જોવામાં આવતા તમામને કોર્ડન કરી જેમના તેમ બેસેલા રહેવા દઈ પંચો રૂબરૂ તમામને વારાફરતી ઉભા કરી નામ સરનામા પુછતા તેમાં સોહિલ મજીદભાઈ બેલીમ ઉ.વ.૨૧ રહે. વડવા નેરા જીલ પાન દુકાનની પાછળ ભાવનગર, સલીમ ઉર્ફે રોટલી રહીમભાઈ મલેક ઉ.વ.૫૨ રહે. અલ્કા રોડ જીનવાળો ખાંચો ભાવનગર, રહીમભાઈ દિલાવરભાઈ બેલીમ ઉ.વ.૪૨ રહે. અલ્કા ટોકીઝ રોડ જીન વાળો ખાંચો ભાવનગર, સાદિકભાઈ ચાંદભાઈ સૈયદ ઉ.વ.૩૫ રહે. શેરી નં.૦૦ રાણીના સ્મશાનની સામે, મોતીતળાવ ભાવનગર, ઈલ્યાસ ઉર્ફે ઈલો રઝાકભાઈ બેલીમ ઉ.વ.૪૭ રહે. જીલપાન તંજીમ પાર્કની પાછળ વડવા ભાવનગર તથા નાસીરભાઈ સિંકદરભાઈ પઠાણ ઉ.વ.૫૦ રહે. દેવજી ભગતની ધર્શાળા લક્ષ્મણધામ મંદિર પાસે વડવા ભાવનગર વાળા હોવાનું જણાવેલ તેઓ પાસેથી કુલ કિ.રૂ. ૧૫,૧૦૦ની રોકડ મળી આવતા પોલીસે રોકડ અને ગંજીપાના સહીત મુદ્દામાલ સાથે અટકાયત કરીને જુગારધારાની કલમ-૧૧૨ મુંજબ ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ.

## કુંભારવાડામાં રહેણાંકી મકાનમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપાયો

### રૂ.૨૬,૫૮૦નો મુદ્દામાલ જપ્ત કરાયો, આરોપી ફરાર

ભાવનગર,તા.૨૮

ભાવનગરના બોરતળાવ પોલીસ મથકના સ્ટાફએ બાતમીના આધારે કુંભારવાડા વિસ્તારમાં રહેણાંકી મકાનમાં દરોડો પાડીને ઈંગ્લીશ દારૂનો જથ્થો ઝડપી લીધો હતો જોકે આરોપી ફરાર થયો હતો.

ભાવનગરના બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો અને કુંભારવાડા ફાટક પાસે આવતાં બાતમીરાહે હકિકત મળેલ કે, કુંભારવાડા માઢીયા રોડ શેરી નં. ૧૦ માં રહેતો આકાશ બુધાભાઈ વેગડ પોતાના ઘરમાં ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂનો જથ્થો બહારથી લાવી વેચાણ કરે છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને દરોડો પાડતા ઘરે કોઈ હાજર મળી આવેલ નહી, ઘરમાં એક પતરા વાળી રૂમમાં દિવાલ પાસે તપાસ કરતા એક પતરાનો ડબ્બો તથા એક પ્લાસ્ટીકનું કંતાનમાંથી ભારતીય બનાવટનો પરપ્રાંતિય ઈંગ્લીશ દારૂ સીલપેક ૭૫૦ સ્કુલ નંગ-૦૯ તથા રોયલ સ્ટેગ સુપીરીયર વ્હિસ્કી ફોર સેલ ઈન પંજાબ ઓનલી લખેલ સીલ પેક ૧૮૦સ્ન્ચપટા ૪૮ સહીત મુદામાલ મળી આવેલ પોલીસે કુલ રૂ. ૨૬,૫૮૦નો મુદામાલ જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર શખ્સને ઝડપી લેવા તાપા હાથ ધરી છે.

### તું પોલીસને કેમ બાતમી આપો છો કહીને

## પાલીતાણા ખાતે નાનાભાઈ અને પરિવારે મોટાભાઈ અને તેના પરિવારને લોખંડના પાઈપથી ઢીબી નાખ્યો

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લાના પાલીતાણાના સિપાઈવાડામાં રહેતા આધેડને તેના ઘરની સામેજ રહેતા તેના નાનાભાઈ અને તેના પરિવારે પોલીસને બાતમી કેમ આપોછો કહી લોખંડના પાઈપ તથા મુંઢ મારમારી ઈજા કર્યાની પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

**આ વખતે તારા પપ્પાને જવા દઈએ છીએ હવે વચ્ચે પડશે તો તેને જાનથી મારી નાખીશું તેવી કાકાએ ભત્રીજાને ધમકી પણ આપેલ**

બનાવ અંગે જાણવા મળતી વિગતો મુજબ પાલીતાણા ખાતે સિપાઈવાડા લંઘાશેરીમાં રહેતા અને સોપારી કાપવાનો ધંધો કરતા દિલાવર અલારખભાઈ અવાદી/સિપાઈ ઉ.વ.૪૯ નામના આધેડે પાલીતાણા ટાઉન પોલીસ મથકમાં એવા મતલબની ફરિયાદ નોંધાવેલ કે તે પોતાના ઘરની બહાર નિકળેલ ત્યારે તેના ઘરની સામે રહેતો તેનો નાનોભાઈ સરફરાજ અલારખભાઈ અવાદી તેના ઘરની બહાર નિકળેલ અને કહેવા લાગેલ કે તુ કેમ પોલીસને બાતમી આપે છો તેમ કહી જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલ જેથી તેને ગાળો દેવાની ના પાડતા સરફરાજે તેના હાથમા રહેલ લોખંડનો એક પાઈપ મને છાતી ઉપર મારેલ ત્યા હું દેકારો કરતા મારા પત્નિ મુમતાજબેન આવી ગયેલ સરફરાજના હાથમા રહેલ લોખંડનો પાઈપ લઈ લીધેલ હતો ત્યારબાદ તરત જ સરફરાજના પત્નિ નસિમબેન તથા અશરફભાઈના દિકરી મુસ્કાન તથાઆફતાબની પત્નિ નિલોફર એમ ત્રણેય જણા આવી ગયેલ અને મને જેમ ફાવે તેમ ગાળો દેવા લાગેલા અને મારા વાળ ખેંચી હાથે પગે મુંઢ મારવા લાગતા મારો દિકરો અયાન તથા ફિરોજ પઠાણ આવી જતા મને છોડાવેલ હતો તેવામા કોઈએ પરિમલના પુલ પાસે રહેતો મારો નાનો ભાઈ અશરફ મહમદભાઈ અવાદી તથા તળેટીમા રહેતો મોટાભાઇ રજાકભાઈ અવાદીને ફોન કરી દેતા તેઓ બન્ને આવી જતા અશરફે તેની પાસે રહેલ લાકડીનો એક ઘા મારી દિધેલ અને રજાકભાઈએ લોખંડનો પાઈપ વડે બે-ત્રણ ઘા મારી દેતા મારી પત્નિ મુમતાજ તથા દિકરો અયાન અને ફિરોજ વચ્ચે પડી છોડાવેલ ત્યારબાદ જતા જતા રજાકે મારા દિકરા અયાનને કહેલ કે આ વખતે તારા પપ્પાને જવા દઈએ છીએ હવે વચ્ચે પડશે તો તેને જાનથી મારી નાખીશું તેવી ધમકી આપેલ ત્યારબાદ મને સરકારી હોસ્પિટલ પાલીતાણા ખાતે સારવાર માટે ખસેડાયેલ. આ બનાવ અંગે પોલીસે સરફરાજભાઈ અલારખભાઈ અવાદી, નસિમબેન વા ઓ સરફરાજભાઈ અવાદી, મુસ્કાન ડો.ઓ અશરફભાઈ અવાદી, નિલોફર વા.ઓ આફતાબ સરફરાજ અવાદી, અશરફભાઈ મહમદભાઈ અવાદી તથા રજાકભાઈ અલારખભાઈ અવાદી સામે બીએનએસની કલમ ૧૧૫-૨, ૩૫૨, ૩૫૧-૩, ૫૪ તથા જીપીએ ૧૩૫ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરેલ છે.

## સિહોરમાંથી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી બિનવારસી કાર ઝડપાઈ

ભાવનગર,તા.૨૮

ભાવનગર જિલ્લાના સિહોર પોલીસ મથકના સ્ટાફએ એક બિનવારસી ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરેલી કાર ઝડપી લઈને કાર ચાલક વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

બનાવ અંગે પ્રાપ્ત વિગતો અનુસાર સિહોર આર.કે.નગર તથા દ્વારકેશ સોસાયટી નજીક એક બિનવારસી કાર પડી હોવાની પોલીસને બાતમી મળતા સ્થળ ઉપર જઈને કાર અંગે તપાસ કરતા કારમાંથી ૨૦૪ બોટલ દારૂ કી.૨૬૫૨૦૦/- તથા કાર ૧૫૦૦૦૦ મળી કુલ ૪૧૫૨૦૦/નો મુદામાલ ઝડપી પાડ્યો હતો જ્યારે અજાણ્યા કાર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી



તસવીર : કૌશીક વ્યાસ

આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી સમગ્ર કામગીરી દરમિયાન સિહોર પી.આઈ બી.ડી.જાડેજાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફ દ્વારા દારૂની બોટલ તથા મુદામાલ કબજે લેવામાં આવ્યો હતો.

## મહુવા માર્કેટીંગ યાર્ડનું મેદાન લાલ ડુંગળીથી થયુ છલોછલ : કાલે સાંજ સુધી આવક પર પ્રતિબંધ

### કંતાનના બારદાનનું ૧૦ રૂપિયા પ્રીમિયમ આપવાનો નિર્ણય પાછો ઠેલાયો



ભાવનગર,તા.૨૮

મહુવા દ્વારા માર્કેટિંગ યાર્ડમાં લાલ કાંદાનો ભરાવો થયેલો હોવાથી લાલ કાંદાની આવક બંધ રહેશે. ત્યારબાદ લાલ કાંદાની નવી આવક તા.૨૯ ને ગુરૂવારે સાંજે ૬ કલાકથી લેવામાં આવશે. આવક બંધ દરમિયાન કોઈપણ સંજોગોમાં લાલ કાંદાના વાહનને પ્રવેશ આપવામાં આવશે નહીં જેની માર્કેટયાર્ડમાં વેચાણ માટે લાલ કાંદા લાવતા ખેડુતભાઈઓ ત્થા કમીશન એજન્ટભાઈઓએ નોંધ લેવા જણાવાયુ છે.

ખરીદનાર વેપારીભાઈઓ દ્વારા કંતાન બારદાનમાં ખરીદ કરવા અને તેમાં રૂા.૧૦ પ્રિમીયમ આપવા અને તેનો અમલ આગામી તા.૧.૨.૨૬થી કરવા જાહેર જાણ કરવામાં આવેલ હતી. પરંતુ હાલ પુરતો આ નિર્ણય મોકુફ રાખેલ હોવાથી તા.૧.૨.૨૬ થી કંતાન બારદાનમાં આવનાર લાલ કાંદામાં પ્રિમીયમ આપવામાં આવશે નહીં. કાંદા સારી ગુણવતાવાળા ૫૦ થી ૬૦ ગ્રામનાં પ્લાસ્ટીક બારદાનમાં લાવવાનાં રહેશે. હલકી ગુણવતાવાળા પ્લાસ્ટીકમાં હરરાજી થશે નહીં. તેમજ ૫૫ કિલો કે તેથી વધુ ભરતી હશે તો ૧ કિલો કપાત કરવામાં આવશે. તેથી ૫૫ કિલો સુધીની ભરતી કરવાની રહેશે.તેમ જણાવાયું છે.

## ઈંગ્લીશ દારૂના ૧૦૮ ચપટા લઈને કાર સાથે નીકળેલ શખ્સ ઝડપાયો

### બોરતળાવ પોલીસે ૨૩,૨૪૦નો દારૂ અને કાર સહીત મુદ્દામાલ જપ્ત કર્યો

ભાવનગર,તા.૨૮

ભાવનગરના બોરતળાવ પોલીસ મથકના સ્ટાફએ પેટ્રોલિંગ દરમિયાન મળેલી બાતમીના આધારે ચિત્રા-સીદસર રોડ પર દરોડો પડી કારમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લઈને ખેપ કરવા નીકળેલ શખ્સને કાર સહીત મુદ્દામાલ સાથે ઝડપી લઈને ધોરણસરની કાર્યવાહી હાથ ધરી હતી.

બનાવ અંગે જાણવા મળેલ વિગતો મુજબ બોરતળાવ પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગ હતો અને ફિલ્ટર ટાંકી પાસે પહોંચતા ખાનગીરાહે બાતમી મળેલ કે વિશાલભાઈ બાબુભાઈ સોલંકી રહે.ચિત્રા, સીદસર રોડ, ફીલ્ટરની ટાંકી સામે, ભાવનગર વાળો પોતાની કાળા કલરની નિશાન કંપનીની સન્ની એક્સ.વી. ફોર ૪૪ કાર નં. GJ-12-BR-3993 માં ગે.કા. ઈંગ્લીશ દારૂનો જથ્થો ભરી ચિત્રા, ફીક્ટરની ટોકીથી ફુલસર તરફ જવાના રસ્તે ઉભેલ છે. આ બાતમીના આધારે પંચોને સાથે રાખીને રેડ કરતા ઈસમ હાજર મળી આવેલ અને કારની તલાસી લેતા ડિકીમાંથી અલગ-અલગ બ્રાન્ડની ઈંગ્લીશ દારૂની ૧૮૦ એમએલની ૧૦૮ બોટલ કી.રૂ.૨૩,૨૪૦ મળી આવતા પોલીસે દારૂ અને કાર સહીત મુદ્દામાલ સાથે શખ્સની અટકાયત કરીને પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.